# સ્વ. મહારાજા રણજીતસિંહ ગાયકવાડને અશ્રુભીની વિદાય

કિડનીની બીમારી સામે ઝઝૂમી બુધવારની મોડી રાત્રે પોતાના રાજવી શહેર વડોદરા તથા  દુનિયાને છોડી જનાર વડોદરાના રાજવી સ્વ.મહારાજા રણજીતસિંહ ગાયકવાડનો પાર્થિવ દેહ શુક્રવારના રોજ કીર્તિ મંદિર ખાતે આવેલ રાજવી પરીવારના સ્મશાનગૃહ ખાતે હજારો લોકોની ઉપસ્થીતીમાં પંચમહાભૂતમાં વિલીન થઇ ગયો. કીર્તિ મંદિર ખાતે ઋગ્વેદ પધ્ધતિ મુજબ વેદોક્ત મંત્રોચ્ચાર સાથે યોજાયેલી અંતિમ વિધિ બાદ બપોરે ૧૨.૩૦ કલાકે યુવરાજ સમરજીતસિંહે પિતાજીના નશ્વરદેહનો અગ્નિ સંસ્કાર કર્યો હતો. લક્ષ્મી વિલાસ પેલેસના દરબાર હોલમાં સવારે ૭ થી ૯ સુધી નાગરીકો અને મહાનુભાવો તરફથી સ્વ.મહારાજાને શ્રધ્ધા સુમન અર્પણ કરાયા હતા. ગાયકવાડી રીતરિવાજ મુજબ અંતિમ વિધી કરી સ્વ. મહારાજાના નશ્વર દેહને પુષ્પોથી સજાવેલી પાલખીમાં સુવડાવાયો હતો. ત્યારબાદ પાલખી શણગારેલા ખુલ્લા ટેમ્પામાં મૂકીને ગાયકવાડી બેન્ડ દ્વારા રેલાવાતી ભક્તિ ધૂન સાથે અંતિમ યાત્રાનો પ્રારંભ પેલેસ કમ્પાઉંડ થી થયો હતો. પેલેસના મુખ્ય દ્વારાથી બહાર આવતા જ મુખ્ય રસ્તા ઉપર પ્રતિક્ષા કરતા હજારો લોકોને પાલકીના દર્શન કરીને અંજલી આપી હતી. જેમ જેમ અંતિમ યાત્રા વડોદરા શહેરના માર્ગો ઉપર આગળ વધતી ગઇ તેમ તેમ પોતાના રાજવીને વડોદરાની જનતાએ પુષ્પવૃષ્ટિ કરી અશ્રુભીની આંખે વિદાય આપી હતી. અંતિમયાત્રાનો માર્ગ મહારાજા રણજીતસિંહની જય...... મહારાજા અમર રહોના જયઘોષથી ગૂંજી ઉઠયો હતો. અંતિમ યાત્રાના માર્ગ ઉપર સ્થાનીક વિસ્તારના આગેવાનો તથા નાગરીકોએ સ્વ. મહારાજાને અંજલી અર્પી હતી. અંતિમયાત્રા લક્ષ્મી વિલાસ પેલેસથી કલાભવન, નવલખી, શાંતાદેવી નર્સીંગ હોમ, કોઠી ચાર રસ્તા, સયાજી હોસ્પીટલ, આરાધના ટોકીસ થઇ કીર્તિ મંદિરના સ્મશાનગૃહમાં પહોંચી હતી. જ્યાં હજારો લોકોની હાજરીમાં અંતિમક્રિયા યોજાઇ હતી.

રાજવી પરિવારના રાજગુરુ પૂ. ધ્રુવદત્ત વ્યાસ દ્વારા યુવરાજ સમરજીતસિંહ પાસે એક કલાક સુધી ઋગ્વેદ પધ્ધતિ મુજબ સ્વ. મહારાજાની અંતિમ સંસ્કાર વિધી કરાવ્યા બાદ ચંદનના લાકડાની સૈયા ઉપર મૂકાયેલા સ્વ.મહારાજાના પાર્થિવ દેહનો યુવરાજ દ્વારા અગ્નિ સંસ્કાર કરવામાં અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ સ્વ. મહારાજાના લઘુબંધુ સંગ્રામસિંહના પુત્ર પ્રતાપસિંહ પાસે પણ રાજગુરુએ અગ્નિ સંસ્કાર વિધી કરાવી હતી. આ વિધી સંપન્ન થતા સ્વ. મહારાજાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થઇ ગયો હતો.



## મહારાજાના અસ્થીનું સંગમ ખાતે વિસર્જન

રાજવી શ્રીમંત રણજીતસિંહ ગાયકવાડના અસ્થીનું યાત્રાધામ ચાણોદ ખાતે શાસ્ત્રોક્ત વિધી અનુસાર યુવરાજ સમરજીતસિંહ અને પરીવારજનોના હસ્તે વિસર્જન કરવામાં આવ્યું હતું. ત્રિવેણી સંગમ ખાતે નમ આંખે યુવરાજે મહારાજાના અસ્થી વિર્સજીત કર્યા. તે અગાઉ મહારાજાના અસ્થિ સાથે ચાણોદ પહોંચેલા યુવરાજ સમરજીતસિંહ અને પરિવારજનો પાસે પુરોહીતોએ શાસ્ત્રોક્ત વિધિ કરાવી હતી. ત્યાર બાદ અસ્થી કળશ નર્મદા કાંઠે દર્શનાર્થે મુકવામાં આવ્યો હતો. ચાણોદવાસીઓએ મલ્હારઘાટ ખાતે આવી અસ્થિ કળશને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.



મહારાજા રણજીતસિંહ એક અનોખા રાજવી હતા. જેઓ રાજાશાહી ભપકા અને રોયલ ઠાઠમાઠ થી તદ્દન અલીપ્ત હતા. ચોતરફ શ્રીમંતાઈથી ભરપૂર વાતાવરણ વચ્ચે ઉછરેલા આ જીવ સાદગીની જીવનમૂર્તિ સમાન હતા. રંગ અને રાગ એટલે કે, સાત સુરોનું મનભાવન સંગીત સમાન મહારાજા રણજીતસિંહ ગાયકવાડ સહજતા અને સાદગીના સ્મૃતિ ચિન્હ સમાન હતા. સમગ્ર દેશમાં રાજા રજવાડાના ઈતિહાસમાં ગાયકવાડ પરીવારનું નામ પ્રજાવત્સલ રાજવી તરીકે રહ્યું છે. ગયા દોઢસો વર્ષના ઈતિહાસમાં એ પરંપરા સાથે જોડાયેલા પરિવારના સૌએ હંમેશા એ સંસ્કાર વારસાને જાળવી રાખ્યો છે. સહજતા અને સાદગીથી વણાયેલા હતા. તેઓ કલાપ્રેમી, કલાજીવ અને સ્પષ્ટ વક્તા હતા. ૬૦ - ૬૫ વર્ષની ઉમરે પણ તેઓ ફાઇન આર્ટસના વિધાર્થીની જેમ શિખવું એ મહારાજા રણજીતસિંહનો કલાપ્રેમ જ દેખાતો હતો.





હાર્દિક શ્રદ્ધાંજલી

સ્વ. મહારાજા રણજીતસિંહ ગાયકવાડ

આમ આદમી સાથે અતુટ નાતો ધરાવતા અનોખા રાજવી કલા સંગીતના જ્ઞાતા, આરાધક, ઉંપાસક, સંસ્કારી નગરીના પરમ હિત ચિંતક, પ્રેમ કરુણા અને માનવતાથી મહેકતા મહામાનવ સદ્ગત શ્રીમંત રણજીતસિંહજી મહારાજને તત્સત વંદન સહિત અશ્રુભિના નયને હાર્દિક શ્રધ્ધાંજલી.

BRG GROUP SARGAM HOUSE

બકુલેશભાઇ આર ગુપ્તા
લતાબેન બી ગુપ્તા
સરગમભાઇ બી ગુપ્તા
રાધીકાબેન નાયર
અપેક્ષાબેન પટેલ
અભિલાષાબેન અગ્રવાલ
સમગ્ર બી.આર.જી ગૃપ પરીવાર





softcom technologies
www.softcomtechno.com
Special Launching Offer: 7" Tablet PC @ 3699/-* Only
Specially Designed Softwares for Education Sector
» Educational Portals » Online Examination Systems
» Fees Management Systems
» Online & Desktop School Management Systems
» Websites for Educational institutes and Collages
707/708/709 Time Square - C, Above New Alka Restaurant, Fatehgunj, Vadodara - 390 002, Phone : 0265-3911115
Mehul Joshi : 98790 21944, Email : contact_softcom@yahoo.in



HOTEL PLAZZO
RESORT RESTAURANT PARTY LAWNS
FUN ADVENTURE RIDES FOR KIDS
This Vacation, come & Enjoy with your family at your favorite place
24 Hr open | Luxurious | BANQUET
RESTAURANT FOOD | ROOMS | PARTY LAWNS
Contact for :
Rooms, Catering, Banquet Hall and options of Party Lawns
HOTEL PLAZZO
Vadodara By pass Rd, Near Dumad Chowkdi, Towards Mumbai
Sama - Vadodara. M: 9327709977
* Just 49 km. From Karjan Toll Naka. Only hotel before Express Highway



BRG GROUP SARGAM HOUSE
Hostel 2012 -13
CBSE & GSEB
Admissions open
Pre Nursery to XII Sci. & Com.
Gujarat Public School
GPS: Nr Kalali Railwaly Crossing, Off Old Padra Rd, Atladara, Vadodara.
Phones:- 2680215, 93751 28770
Urmi School & Hostel
Urmi School, Amit Nagar, Sama Savli Road,Nr. Flyover Bridge , Vadodara.
Phones:- 0265-2712611, 2710291


Kindly send in your articles, contributions & achievements alongwith photographs to studentssamachar77@gmail.com or contact 7698019100 for any queries or to place your advertisement in Student Samachar

Publisher and Printer:Bakulesh Ramchandra Gupta on behalf of owner, BRG Education Institute. Printed at Bhaskar Printing Press, Plot No.805, Near Chhani Toll Naka, Vadodara-391 740 and published from "Sargam House", 4/8, Govardhan Appt., Nr.Utkarsh Petrol Pump, Karelibaug, Vadodara, Editor : Radhika R. Nair.
MD : Sargam Gupta, Director : Abhilasha Agrawal, Executive Editor : Dr. Nebu George, Associate Editors : Pinal Desai, Sharat Mathur, Sugandha Vaidya, Ragi Amit Patel, Krunal Dalal, Chirag Mehta